# શ્રીલંકા-11ને ભારતે 6 વિકેટે હરાવ્યું

**ટેસ્ટ** શ્રેણી પહેલાંની જીતથી ભારતીય ટીમ આત્મવિશ્વાસથી ભરપૂર

**ભારતે** 4 વિકેટ ગુમાવી 207 રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો



કોલંબો, તા. 9 (પીટીઆઈ): કોલંબોમાં રમાયેલી 3 દિવસની પ્રેક્ટિસ મેચમાં ભારતે શ્રીલંકા ક્રિકેટ XIને 6 વિકેટે હરાવ્યું. ત્રીજા અને અંતિમ દિવસે શ્રીલંકાએ આપેલા 207 રનના લક્ષ્યાંકને ભારતે 4 વિકેટ ગુમાવી છેલ્લી ઓવરમાં મેળવ્યો હતો.

આ પહેલાં પ્રથમ દિવસે શ્રીલંકા-XIએ પ્રથમ ઈનિંગમાં 363/8નો સ્કોર બનાવી ઈનિંગ ડિકલેર કરી હતી. જવાબમાં બીજા દિવસે ભારતે દેવદત્ત પડિક્કલના અણનમ 142, રવીન્દ્ર જાડેજાના 63, માનવ સુથારના 41 અને ગુરનૂર બરારના 36 રનની મદદથી 357/6 પર ઈનિંગ ડિકલેર કરી હતી, જેના પગલે શ્રીલંકાને 6 રનની નજીવી સરસાઈ મળી હતી.

રવિવારે ત્રીજા અને અંતિમ દિવસે બીજી ઈનિંગ રમવા ઉતરેલી શ્રીલંકા-XIએ 45 ઓવરમાં 6 વિકેટે 200 રન બનાવી ભારત સામે 207 રનનો લક્ષ્યાંક રાખ્યો. નિશાન મધુશ્કાએ 73 બોલમાં 63, નિપુણ ધનંજયાએ 46 અને અંજલા બંડારાએ 35 રન બનાવ્યા. ભારત તરફથી રવીન્દ્ર જાડેજા અને ગુરનૂર બરારે 2-2 વિકેટ ઝડપી, જ્યારે મોહમ્મદ સિરાજ અને પ્રસિદ્ધ કૃષ્ણએ 1-1 વિકેટ લીધી.

207 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં ભારતને યશસ્વી જયસ્વાલ અને શુભમન ગિલે શાનદાર શરૂઆત અપાવી. પ્રથમ ઈનિંગમાં ખાતું ખોલ્યા વગર આઉટ થયેલો જયસ્વાલ બીજી ઈનિંગમાં માત્ર 46 બોલમાં 61 રન ફટકારીને રિટાયર્ડ થયો. તેણે 9 ચોગ્ગા અને 2 છગ્ગા ફટકાર્યા. ઈજામાંથી વાપસી કરનાર ગિલે 44 રન બનાવીને ટેસ્ટ પહેલાં પોતાની ફિટનેસ અને ફોર્મના સારા સંકેત આપ્યા. બંનેએ પ્રથમ વિકેટ માટે 105 રનની ભાગીદારી કરી.

### ભારતીય ટીમની મોટી ચિંતા દૂર થઈ, ગીલ બેટિંગ કરવા ઉતર્યો

ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે કે ગીલની ઈજા સારી થઈ ગયો છે. ઈજામાંથી પરત ફરેલા ગીલે રવિવારે નેટ્સમાં એક કલાકથી વધુ સમય બેટિંગ પ્રેક્ટિસ કર્યા બાદ શ્રીલંકા-11 સામેની પ્રેક્ટિસ મેચની બીજી ઈનિંગમાં બેટિંગ કરવા પણ ઉતર્યો હતો. પ્રથમ 2 દિવસ આંગળીની ઈજાને કારણે મેદાનથી દૂર રહેલો ગીલ મેચમાં પરત ફરતાં 15 ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણી પહેલાં ભારતીય ટીમને મોટી રાહત મળી છે.

### સિરાજના 15 બોલમાં 32 રન, સતત 3 છગ્ગા ફટકાર્યા

મેચમાં ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે બોલિંગ જ નહીં, પરંતુ બેટિંગથી સૌને ચોંકાવી દીધા હતા. ભારતને જીત માટે આક્રમક બેટિંગની જરૂર હતી ત્યારે સિરાજે માત્ર 15 બોલમાં 4 સિક્સ અને 1 ચોગ્ગાની મદદથી અણનમ 32 રનની તોફાની ઇનિંગ રમી હતી. ખાસ કરીને અંતિમ ઓવરમાં જ્યારે 16 રનની જરૂર હતી ત્યારે સિરાજે સતત 3 છગ્ગા અને 1 ચોગ્ગો ફટકારીને એક જ ઓવરમાં 23 રન બનાવી ટીમને જીત અપાવી હતી. સિરાજની આ આક્રમક બેટિંગથી શ્રીલંકાના ખેલાડીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. મેચ પૂર્ણ થયા બાદ તેઓ સિરાજનું બેટ અને તેની ગ્રિપ તપાસતા જોવા મળ્યા હતા.

ધ્રુવ જુરેલે 17 અને ઋષભ પંતે 28 રન બનાવ્યા. ભારત 3 વિકેટે 155 રન સુધી પહોંચ્યા બાદ મોહમ્મદ સિરાજે અંતમાં તોફાની બેટિંગ કરી. તેણે માત્ર 15 બોલમાં 32 રન ફટકાર્યા, જેમાં છેલ્લી ઓવરમાં લગાવેલા સતત 3 છગ્ગાનો સમાવેશ થાય છે. ભારતે 45 ઓવરમાં 4 વિકેટે 214 બનાવીને 6 વિકેટે જીત મેળવી.

15 ઓગસ્ટથી ગાલેમાં શરૂ થનારી 2 ટેસ્ટની શ્રેણી પહેલાં ભારત માટે પડિક્કલની સદી, જયસ્વાલ-ગિલની બેટિંગ અને સિરાજની વાપસી આ ટેસ્ટના મુખ્ય સકારાત્મક પાસાં રહ્યા.

# અસ્મિતા ચાલિહાએ પોતાનું પ્રથમ BWF વર્લ્ડ ટૂર ટાઇટલ મેળવ્યું

**અસ્મિતાએ** કોરિયા માસ્ટર્સની ફાઇનલમાં હાન કિયાન શીને 14-21, 21-14, 21-14થી હરાવી



આસન (કોરિયા), તા. 9 (પીટીઆઇ): ભારતન અસ્મિતા ચાલિહાએ ચીનની ચોથા ક્રમાંકિત હાન કિયાન શીને 14-21, 21-14, 21-14થી હરાવીને કારકિર્દીનું પ્રથમ BWF વર્લ્ડ ટૂર ટાઇટલ જીત્યું. કોરિયા માસ્ટર્સ સુપર-300ની ફાઇનલ 53 મિનિટ ચાલી હતી. અસ્મિતાએ પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ શાનદાર વાપસી કરી અને નિર્ણાયક ગેમમાં પણ દબાણ વચ્ચે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

વિશ્વમાં 50મા ક્રમાંકની અસ્મિતા માટે આ જીત ખાસ છે, કારણ કે 2024માં કોરિયા ઓપન દરમિયાન જમણા ઘૂંટણમાં મેડિયલ મેનિસ્કસની ગંભીર ઈજા બાદ તેની સર્જરી અને લાંબી રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડ્યું હતું. આસામની 26 વર્ષની આ ખેલાડીએ આ વર્ષે પણ સંપૂર્ણ BWF શેડ્યૂલનો ભાર સંભાળવા 3 મહિના ફિટનેસ પર કામ કર્યું હતું. ત્યાર બાદ ચાઇના માસ્ટર્સ અને મલેશિયા માસ્ટર્સમાં ક્વાર્ટર ફાઇનલ તથા મકાઉ ઓપનમાં સેમિફાઇનલ સુધી પહોંચી હતી.

ફાઇનલમાં અસ્મિતાએ પ્રથમ ગેમમાં 3-0ની શરૂઆત કરી હતી, પરંતુ હાને વાપસી કરીને ગેમ જીતી. બીજી ગેમમાં અસ્મિતાએ સ્મેશથી આક્રમક રમત બતાવી 21-14થી જીત મેળવી. નિર્ણાયક ગેમમાં હાન 11-9થી આગળ હતી, પરંતુ અસ્મિતાએ સતત દબાણ બનાવીને સ્કોર 19-14 કર્યો. અંતે હાનનો રિટર્ન બહાર જતાં અસ્મિતાએ ચેમ્પિયનશિપ પોઇન્ટ મેળવી ટાઇટલ પોતાના નામે કર્યું.

અસ્મિતાએ કહ્યું કે તે આ જીતથી ખૂબ ખુશ છે અને હવે વધુ સફળતા મેળવવા ઉત્સુક છે. તેના કોચ પાર્ક તાએ-સાંગે પણ તેની પ્રતિભા અને સ્મેશની પ્રશંસા કરી.

# ઈજાના વિવાદ વચ્ચે CoEના બચાવમાં લક્ષ્મણ બોલ્યો, ખેલાડીઓ મશીન નથી

**ખેલાડીને** ફિટ થવામાં નક્કી સમયમર્યાદા કરતાં વધુ સમય પણ લાગી શકે

**CoE** માત્ર રિહેબ સેન્ટર નથી, પરંતુ ખેલાડીઓને શ્રેષ્ઠતા હાંસલ કરવામાં પણ મદદ કરે છે



બેંગ્લુરૂ, તા. 9 (પીટીઆઈ): BCCIના સેન્ટર ઑફ એક્સેલન્સ (CoE)ના વડા વી વી એસ લક્ષ્મણે ખેલાડીઓની ઈજાને લઈને કેન્દ્ર પર થઈ રહેલી ટીકા ફગાવી છે. તેમણે કહ્યું કે ખેલાડીઓ "મશીન નથી" અને દરેક વખતે રિકવરી માટે નક્કી કરાયેલી સમયમર્યાદામાં સંપૂર્ણ ફિટ થઈ શકે તે જરૂરી નથી. લક્ષ્મણે કહ્યું કે CoE માત્ર રિહેબ સેન્ટર નથી, પરંતુ ખેલાડીઓને શ્રેષ્ઠતા હાંસલ કરવામાં મદદ કરવાનું પણ તેનું કામ છે. બુમરાહ અને સુદર્શનનું ઉદાહરણ આપતાં લક્ષ્મણે જણાવ્યું કે બંનેને શ્રીલંકા પ્રવાસ માટે "ફિટનેસને આધીન" ટીમમાં પસંદ કરવામાં આવ્યા હતા. ખેલાડીની રિકવરી ધીમી હોય તો તેની જાણ પસંદગી સમિતિના અધ્યક્ષ અને મુખ્ય કોચને કરવામાં આવે છે.

તેમણે ઈજાને ખેલાડીના કરિયરના ભાગરૂપે ગણાવી અને કહ્યું કે ફિટનેસના નિર્ધારિત માપદંડ પૂર્ણ ન થાય ત્યાં સુધી ખેલાડીને ટીમમાં પરત મોકલવામાં આવતો નથી.

### બ્રોન્કો ટેસ્ટથી ફિટનેસ પર નજર

લક્ષ્મણે બ્રોન્કો ટેસ્ટના વખાણ કરતા કહ્યું કે ભારતીય ટીમના સ્ટ્રેન્થ એન્ડ કન્ડિશનિંગ કોચ એડ્રિયન લે રૂક્સે સીરિઝ દરમિયાન ખેલાડીઓની સતત ફિટનેસ તપાસ માટે બ્રોન્કો ટેસ્ટ શરૂ કર્યો છે. વ્યસ્ત સીરિઝ દરમિયાન યો-યો ટેસ્ટ કરાવવો મુશ્કેલ હોવાથી બ્રોન્કો ટેસ્ટ દ્વારા ખેલાડીઓના ફિટનેસ લેવલ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# સરફરાઝ ખાનની લગભગ 2 વર્ષ બાદ ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી

**સાઈ** સુદર્શનની ઈજાને કારણે ટીમમાં સ્થાન મળ્યું

**સરફરાઝની** વાપસીથી ટેસ્ટ ટીમમાં નંબર-3 સ્થાન માટેનો વિકલ્પ મજબૂત બન્યો



નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): લગભગ 2 વર્ષ બાદ સરફરાઝ ખાનની ભારતીય ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. શ્રીલંકા સામે 15 ઓગસ્ટથી શરૂ થતી 2 ટેસ્ટની શ્રેણી માટે મુંબઈના 28 વર્ષીય બેટરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત સાઈ સુદર્શન શ્રેણીમાંથી બહાર થઈ જતા સરફરાઝને આ સોનેરી તક મળી છે.

સરફરાઝે છેલ્લે નવેમ્બર 2024માં ન્યૂઝીલેન્ડ સામે મુંબઈ ટેસ્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અત્યાર સુધી તેણે ભારત માટે 6 ટેસ્ટ રમ્યા છે. ટીમમાં વાપસી પહેલાં સરફરાઝે પોતાની ફિટનેસ પર ખાસ મહેનત કરી છે અને વજન પણ ઘટાડ્યું છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં તેનો બેટિંગ સરેરાશ 64.73નો છે, જે તેની શાનદાર ક્ષમતા દર્શાવે છે. હવે તે શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી પહેલાં કોલંબોમાં ભારતીય ટીમ સાથે જોડાશે અને ત્યાંથી ગૉલ જશે, જ્યાં 15 ઓગસ્ટથી પ્રથમ ટેસ્ટ રમાશે. સરફરાઝને ભારતીય ટીમમાં ઈજાગ્રસ્ત સાઈ સુદર્શનના સ્થાને સામેલ કરવામાં આવ્યો છે. સરફરાઝની વાપસીથી ટેસ્ટ ટીમમાં નંબર-3 સ્થાન માટેનો વિકલ્પ મજબૂત બન્યો છે.

# બસંત-શહનવાઝે રચ્યો ઈતિહાસ, ભારતને હાઈ જમ્પ-લોંગ જમ્પમાં પ્રથમ મેડલ

**વર્લ્ડ** U20 ચેમ્પિયનશિપમાં બસંત મેઘવાલે સિલ્વર અને શહનવાઝ ખાને બ્રોન્ઝ જીત્યો

**ભારતની** મેડલ સંખ્યા 3 થઈ; 4x400m રિલે ટીમ પણ ફાઇનલમાં



ઈયુગેને (અમેરિકા), તા. 9 (પીટીઆઈ): યુજિનમાં રમાઈ રહેલી વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપમાં ભારતે શાનદાર પ્રદર્શન કરતાં હાઈ જમ્પ અને લોંગ જમ્પમાં મેડલ જીત્યા. 19 વર્ષના બસંત કુમાર મેઘવાલે પુરુષોની હાઈ જમ્પમાં 2.21 મીટરના વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ સાથે સિલ્વર મેડલ જીત્યો, જ્યારે 18 વર્ષના શહનવાઝ ખાને પુરુષોની લોંગ જમ્પમાં 7.84 મીટરના પ્રયાસ સાથે બ્રોન્ઝ મેળવ્યો. બંને સાથે ભારતના મેડલની સંખ્યા 3 થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે વર્લ્ડ એથ્લેટિક્સ U20 ચેમ્પિયનશિપની હાઈ જમ્પ અને લોંગ જમ્પ સ્પર્ધામાં પ્રથમ વખત ભારતે મેડલ જીત્યા છે.

અલ્જીરિયાના યુનેસ અયાચીએ ગોલ્ડ જીત્યો, જ્યારે બ્રિટનના ઓટિસ પૂલે બ્રોન્ઝ મેળવ્યો. લોંગ જમ્પમાં શહનવાઝે ત્રીજા પ્રયાસમાં 7.84 મીટરનો પોતાનો શ્રેષ્ઠ કૂદકો લગાવ્યો. ઈટાલીના ડેનિયલ ઈન્ઝોલીએ 7.97 મીટર સાથે ગોલ્ડ અને ઓસ્ટ્રેલિયાના મેસન મેકગ્રોડરે 7.96 મીટર સાથે સિલ્વર જીત્યો. શહનવાઝ હાલ U20 રાષ્ટ્રીય રેકોર્ડધારક છે અને તેનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ 8.3 મીટર છે.

આ ચેમ્પિયનશિપની અન્ય સ્પર્ધાઓમાં મહિલા 4x400m રિલે ટીમ પણ 3:39.53 સેકન્ડના સમય સાથે ફાઈનલમાં પહોંચી છે.

# મોદીએ CWG મેડલ વિજેતાઓને મળ્યા

**મોદીએ** ખેલાડીઓ સાથે વાતચીત કરતા કહ્યું 'જો ખેલેગા વો ખીલેગા'



નવી દિલ્હી, તા. 9 (પીટીઆઈ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કોમનવેલ્થ ગેમ્સમાંથી મેડલ સાથે પરત ફરેલા ભારતીય ખેલાડીઓ સાથે મુલાકાત કરી હતી. તેમણે ખેલાડીઓના શાનદાર પ્રદર્શનને બિરદાવ્યું અને દેશનું ગૌરવ વધારવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મોદીએ ઈન્સ્ટાગ્રામ પર ખેલાડીઓ સાથેની મુલાકાતનો ટૂંકો વીડિયો પણ શેર કર્યો હતો. તેમણે આ મુલાકાતને ખાસ ગણાવી હતી અને ભારતીય ખેલાડીઓની સફળતાની પ્રશંસા કરી હતી.

# BCCI બાંગ્લાદેશ પ્રવાસ માટે સરકારની મંજૂરી માગશે

નવી દિલ્હી, તા. 9: ભારતીય ક્રિકેટ ટીમના પ્રસ્તાવિત બાંગ્લાદેશ પ્રવાસને લઈને BCCI ટૂંક સમયમાં ભારત સરકારનો સંપર્ક કરશે. બોર્ડ સરકાર પાસેથી પ્રવાસ અંગે મંજૂરી અને સ્પષ્ટતા માગશે. BCCIના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે હાલ બોર્ડ પોતાના સ્તરે પ્રવાસ અંગે નિર્ણય લઈ શકે તેવી સ્થિતિમાં નથી. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB)એ પણ BCCIને પત્ર લખ્યો છે અને બંને બોર્ડ પ્રવાસને લઈને સતત સંપર્કમાં છે. પ્રસ્તાવિત પ્રવાસ માટે 29 ઓગસ્ટથી 15 સપ્ટેમ્બર સુધીનો સમયગાળો રાખવામાં આવ્યો છે. તેમાં 3 વનડે અને 3 T-20I રમાવાની છે. વનડે મેચ 1, 3 અને 6 સપ્ટેમ્બરે, જ્યારે T20I 9, 12 અને 13 સપ્ટેમ્બરે રમાવાની છે. બંને દેશો વચ્ચે અગાઉ સર્જાયેલા ક્રિકેટ સંબંધિત વિવાદની અસરને કારણે પ્રવાસ માટે સરકારની મંજૂરી મહત્વપૂર્ણ બની છે.

# મેસી વિનાની ઈન્ટર મિયામીને મોન્ટેરેએ 2-1થી હરાવી

**90મી** મિનિટે રોસીના ગોલથી મોન્ટેરે 2-1થી જીત્યું

**મિયામીની** લીગ્સ કપમાં નોકઆઉટની રાહ મુશ્કેલ



મિયામી, તા. 9 (એપી): મેસી વિના રમેલી ઈન્ટર મિયામીને લીગ્સ કપના ગ્રુપ તબક્કાની મેચમાં મોન્ટેરેએ 2-1થી હરાવી હતી.

ઉલ્લેખનીય છે કે મેસીના પિતા જોર્જ મેસીના નિધન બાદ મેસી પોતાના વતન આર્જેન્ટિના પરત ફર્યો હોવાથી આ મેચમાં રમ્યો ન હતો. મેસી ક્યારે ટીમમાં પરત ફરશે તે હજુ સ્પષ્ટ નથી.

ઈન્ટર મિયામી તરફથી રૉડ્રિગો ડી પૉલે 32મી મિનિટે 25 યાર્ડના શાનદાર શોટથી ગોલ કરીને ટીમને 1-0ની લીડ અપાવી. જોકે બીજા હાફમાં મોન્ટેરેએ વાપસી કરી. 47મી મિનિટે હ્યુગો ક્યૂપર્સે ગોલ કરીને સ્કોર 1-1 કર્યો. ત્યાર બાદ 90મી મિનિટે ડિએગો રૉસીએ નિર્ણાયક ગોલ કરીને મોન્ટેરેને 2-1થી જીત અપાવી. મેસીની ગેરહાજરી ઈન્ટર મિયામી માટે મોટો ફટકો સાબિત થઈ શકે છે. ટીમના ગ્રુપમાં હજુ એક મેચ બાકી છે અને નોકઆઉટ તબક્કામાં પહોંચવાની તેની શક્યતાઓ મુશ્કેલ બની છે. ઈન્ટર મિયામી બુધવારે લેઓન સામે રમશે, જ્યારે મોન્ટેરે નેશવિલે સામે મેદાનમાં ઉતરશે.

### રોડ્રિગોએ મેસીના સમર્થનમાં જર્સી કાઢી

ઇન્ટર મિયામીના રોડ્રિગો ડી પોલે ગોલની ઉજવણી દરમિયાન પોતાની નંબર 7ની જર્સી કાઢીને અંદર મેસીની નંબર 10ની જર્સી દેખાડી હતી. મેસીના પિતાના નિધન બાદ તેના સમર્થનમાં ડી પોલે આ રીતે ભાવનાત્મક સંદેશ આપ્યો હતો. જોકે જર્સી કાઢવા બદલ તેને યલો કાર્ડ મળ્યું.

# દ. આફ્રિકાને હરાવી મોરોક્કોએ મહિલા વર્લ્ડકપમાં સ્થાન મેળવ્યું

રબાટ (મોરોક્કો), તા. 9 (એપી): મોરોક્કોએ શનિવારે મહિલા આફ્રિકા કપ ઓફ નેશન્સની ક્વાર્ટર ફાઈનલમાં દક્ષિણ આફ્રિકાને 2-1થી હરાવી આગામી મહિલા વર્લ્ડકપમાં સ્થાન મેળવી લીધું હતું. મોરોક્કો માટે સકીના ઓઝરાઉઈ અને હનાને આઈટ અલ હાજે ગોલ કર્યા હતા. ઓઝરાઉઈએ 32મી મિનિટે શાનદાર વોલી દ્વારા ટીમને 1-0ની લીડ અપાવી હતી. ત્યારબાદ 49મી મિનિટે મળેલી પેનલ્ટીને અલ હાજે ગોલમાં ફેરવી મોરોક્કોની લીડ 2-0 કરી હતી. દક્ષિણ આફ્રિકા માટે થેમ્બી કગતલાનાએ 67મી મિનિટે ગોલ કર્યો હતો. VAR સમીક્ષા બાદ આ ગોલને માન્ય જાહેર કરવામાં આવ્યો હતો. આ જીત સાથે મોરોક્કો બીજી વખત મહિલા વર્લ્ડ કપમાં રમશે. ટીમે 2023ની ટૂર્નામેન્ટમાં રાઉન્ડ ઓફ 16 સુધીની સફર કરી હતી. હવે સેમિફાઈનલમાં મોરોક્કો નાઈજીરિયા અને કેમરૂન વચ્ચેની ક્વાર્ટર ફાઈનલના વિજેતા સામે રમશે.

## સુડોકુ ૧૨૭૪ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૫ | | | ૨ | ૩ | ૯ |
| ૯ | | | | ૭ | ૩ | ૪ | ૫ | ૧ |
| | | | ૧ | ૨ | ૯ | | | |
| ૭ | ૧ | ૬ | | | | | | |
| | | | ૭ | ૫ | ૧ | | ૪ | ૨ |
| ૫ | ૪ | | ૩ | | ૬ | | ૧ | ૭ |
| | | ૪ | | ૧ | ૭ | ૫ | | ૩ |
| | | | ૪ | ૬ | ૨ | ૯ | | ૮ |
| ૨ | ૭ | | | ૩ | | ૧ | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉલટી

એક ચમચી લોબાન ભૂકો એક કપ પાણીમાં ભીંજવી, તે પાણી નિતારીને પીવું.

## આજનું પંચાંગ

**તા. 10/08/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** વદ : બારસ :08:02 પછી તેરસનો ક્ષય છે
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ: 19
**યોગ :** વ્રજ **કરણ:** ગર
**નક્ષત્ર :** આદ્રા: 12:28
**રાશિ:** મિથુન (ક,છ,ઘ) 28:45 પછી કર્ક (ડ.હ.)
**દિવસ :** અશુભ - સોમ પ્રદોષ - ગુરુપૂર્વોદય
**સુરતમાં સૂર્યોદય :** 06:17 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:11
**નવકારસી :** 07:05
**પારસી વર્ષ :** 1395 ગાથા -1- અહુનુઆદ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 26મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
**રાહુકાળ:** સવારે : 07:30 થી 09:00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** નીડર અને સ્વતંત્ર સ્વભાવ બને. અટકેલા કામ પાર પડશે. વેપાર ધંધાનો વિસ્તાર થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** આવક વધે. ઉઘરાણી આવી શકે છે. વેપાર-ધંધામાં લાભ થાય. શુભ સમાચાર મળે.

**મિથુન (ક,છ,ઘ,):** આત્મવિશ્વાસ વધે તેવા સમાચાર મળે. ઘરમાં અવર-જવર વધે. સમાજ જીવનમાં માન વધે.

**કર્ક (ડ,હ,):** લેવા-દેવા અને બેંક વગેરેના કામમાં ઉતાવળ ભારે પડી શકે છે. ખાવા-પીવાનું ધ્યાન રાખવું.

**સિંહ (મ,ટ,):** પ્રેમ-પ્રસંગમાં ગેરસમજથી વિવાદ થાય. સંતાનોના કામમાં મદદ મળે. આવક વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** સરકારી નોકરિયાતને મુશ્કેલીનો સામનો કરવો પડે. ધંધામાં નવી યોજનાથી લાભ થાય.

**તુલા (ર,ત,):** સરકારી યોજનાનો લાભ મળે. નોકરી -ધંધા માટેનો પ્રવાસ સફળ રહે. સંતાનોના કામમાં પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** આરોગ્ય નરમ રહે. નોકરીમાં જવાબદારી વધે સરકારી કામ, સહી-સિક્કામાં ધીરજ રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આર્થિક પ્રગતિની તક મળે. નવી યોજનામાં પરિવારનો સાથ મળે. રોજના કામમાં મદદ મળે.

**મકર (ખ,જ,):** જૂના દર્દો પરેશાન કરે. પડવા-વાગવા અને વાદ-વિવાદથી સાવધાની રાખવી. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદ્યાર્થીઓને સફળતા મળે. શેર બજારમાં લાભ થાય. મિત્રોની મદદથી સામાજિક કામ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** આનંદોત્સવમાં ભાગ લેવાનું બને. ઘરમાં નવા ફેરફાર થાય. આવક વધારવાની યોજના બને.

## કોઈ પણ સાલમાં 10 ઓગસ્ટે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહિત પસાર થાય. નવા કામ, નવી નોકરી, નવી ટેકનોલોજી અને નવા લોકો તથા વાતાવરણમાં કામ કરવાનો મોકો મળે. આર્થિક રીતે પ્રગતિ અને ઉઘરાણી આવવાથી નવા રોકાણ સરળ બને આરોગ્ય સામાન્ય રહે. સમાજમાં પ્રતિષ્ઠા વધે સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. પ્રેમવિવાહની યોજના સફળ રહે. સરકારી કામ, કોર્ટ, કેચરીમાં પ્રગતિથી કામમાં અનુકૂળતા વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદેશનાં કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓની મહેનત ફળે મિત્રો - વડીલોની મદદ જાયદાદ, વારસા સમાજ, જમીન જેવી બાબતોમાં મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના સફળ બને. નોકરી-ધંધા-વ્યવસાયમાં હરીફો વધશે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. જુલાઇ, ઓગસ્ટ રવિ-સોમવાર, 01,10,28 તારીખે નવાં કામ કરવાં સોનેરી ભૂરા રંગનો ઉપયોગ વધારવો. નવેમ્બર ડિસેમ્બર, શનિ, શુક્રવાર, 07,16, 25 તારીખે નવા કામ ટાળવાં. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો. સૂર્ય દેવની ઉપાસના કરવી.




૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત એક્શન થ્રીલર


૧૨.૧૫, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS ®
ગોપીતળાવ નવસારી બજાર, સુરત


સ્પાઈડર મેન (હિન્દી) ૧૦.૪૫, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦ રાત્રે : ૧૦.૧૫
જન નેતા ૩.૧૫, ૬.૪૫, રાત્રે : ૧૦.૦૦
ડીસી ૧.૧૫, ૭.૦૦ રાત્રે: ૯.૪૫
મારણ ગુજરાતી ૪.૦૦

APPLE CINEMA
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
Book Tickets Now from : bookmyshow.com Paytm @: @applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.
સ્પાઈડર મેન (હિન્દી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૫, ૧૨.૪૫, ૨.૩૦, ૩.૩૦, ૫.૧૦, ૬.૧૫, ૭.૫૦, રાત્રે: ૯.૦૦, ૧૦.૩૦
ડીસી ધ બ્લડી વૈલેંટાઈન (હિન્દી) ૧૧.૪૦, ૩.૦૦, ૫.૦૦, રાત્રે: ૯.૨૦, ૧૧.૦૦
ગેટ સેટ ગો (ગુજરાતી) ૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૭.૧૦, રાત્રે: ૯.૫૦
ધમાલ-4 ૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૩.૨૦, ૪.૨૫, ૫.૪૦, ૭.૦૦, રાત્રે: ૯.૪૦
ઓમાય ડોગ (હિન્દી) ૯.૦૦, ૨.૧૫, ૭.૩૫
હીપ હીપ હુરે (ગુજરાતી) ૯.૨૦, ૨.૨૦, ૫.૦૦, રાત્રે: ૮.૨૦
મારણ (ગુજરાતી) ૧૧.૪૦
જન નેતા ૯.૦૦, ૧૨.૦૦, ૧.૧૦, ૬.૧૦, રાત્રે : ૯.૩૫, ૧૦.૨૦
આર્યભટ્ટ કા ઝીરો (હિન્દી) ૫.૦૦, ૭.૩૫